-:: જાહેર ચેતવણી ::-

આથી લાગતા વળગતા તમામને આ જાહેર ચેતવણી આપી જણાવવાનું કે ડીસ્ટ્રીકટ **સુરત**ના તાલુકા સુરત સીટીના મોજે ગામ : **મજુરાના રે.સર્વે નં. ૧૯૩, ટી.પી.નં.૨૭(ભટાર-મજુરા) ફા.પ્લોટ નં. ૭૮** વાળી જમીનમાં આયોજીત **''જી પી પાર્ક''** નામથી ઓળખાતી વસાહતમાં આવેલ **યુનીટ નં.વી/૩** (૭/૧૨ મુજબ રે. સ. નં. ૧૯૩/વી/૩) જેનું ક્ષેત્રફળ : ૩૯.૦૦ ચો.મી. તથા લાગુ પશ્ચિમ દિશા તરફનું માર્જીન જેનું ક્ષેત્રફળ : ૩૧.૨૩ ચો.મી. મળી કુલ્લે **૭૦.૨૩ ચો.મી.** વાળી બાંધકામ સહિતની મિલકત માલિકો **(૧) શ્રી પિયુષ પ્રાણલાલ મિસ્ત્રી, તથા (૨) શ્રીમતી રશ્મી પિયુષ મિસ્ત્રી**નાઓએ પોતાની સ્વતંત્ર માલીકીની હોવાનું જણાવી અમારા અસીલ **પીકીબેન કાંતીલાલ જરીવાલા**ને તારીખ : ૨૨/૦૩/૨૦૨૪ ના રોજના બાનાખતની રૂએ વેચાણ આપેલ છે. જેની નોંધણી એડવોકેટ એન્ડ નોટરી પબ્લીકશ્રી ચૈતાલી સી.પટેલના નોટરી રજીસ્ટરના બુક નં.૩૧ માં સીરીયલ નં. **૬૭૯૫ થી તા.૦૧/૦૪/૨૦૨૪** ના રોજ થયેલ છે. અને અમારા અસીલે વેચાણ અવેજની મોટાભાગની રકમ પણ માલિકોને ચુકવી આપેલ છે. પરંતુ સદરહુ મિલકતના માલીક સદરહુ મિલકત અન્ય ત્રાહીત ઈસમોને વેચાણ કરી અમારા અસીલોના હકક, હીત, હિસ્સાને નુકશાન પહોંચાડવાના પ્રયત્નો કરી રહયા છે. જેની સામે અમારા અસીલ દીવાની તથા ફોજદારી રાહે કાર્યવાહી કરનાર છે. જેથી સદરહુ મિલકતમાં અમારા અસીલની પરવાનગી વગર કોઈએ કોઈપણ જાતના મિલકતની તબદીલી અંગેના વ્યવહારો કરવા-કરાવવા નહી અન્યથા તેઓને તર-તકરાર સિવાય કાંઈ પ્રાપ્ત થશે નહી અને તેઓની સામે અમારા અસીલ કાયદેસરની કાર્યવાહી કરશે જેની ગંભીર નોંધ લેવી.

ઓફીસ નં.૨૦૧, બીજો માળ, અમરશીલ ચેમ્બર, ટી.એન્ડ ટી.વી. સ્કુલ સામે, નાનપુરા, અઠવાલાઈન્સ, સુરત મો. ૯૮૯૮૧ ૭૭૨૯૯, ૯૮૭૭૬ ૪૮૬૦૧

Vikenn Gajiwalaa
(Advocate & Notary)
Parsotam Rana
(Advocate)

ટાઈટલ ક્લીયર અંગેની જાહેર નોટીસ

નીચે શીડયુલમાં જણાવેલ વર્ણન અને વિગત વાળી મિલકતની ટાઇટલ ક્લીયરન્સ અંગેની જાહેર નોટીસ આપીને જણાવવાનુ કે સદરહુ મિલકતના માલિક નામે ત્રિવેદી સોમેશ્વર અંબાલાલ (એચ. યુ.એફ.)ના કર્તા ત્રિવેદી સોમેશ્વર અંબાલાલ યાલી આવેલ છે. તેમની સુચનાથી સદરહું મિલકતનો દસ્તાવેજ અનુક્રમ નંબરઃ ૧૩૭૨ તથા તા.૨૮/૦૩/૨૦૦૮ ના રોજ નોંધાયેલ જે દસ્તાવેજ તથા દસ્તાવેજની ફી ભર્યાની અસલ પાવતી ખોવાઈ ગયેલ યાને ગેરવલ્લે થયેલ છે અને મળી આવતી નથી માટે નીચે શીડયુલમાં જણાવેલ મિલકતની સામે કોઇને પણ કોઈપણ જાતના વાંધા, વિરોધ, અવરોધ, અટકાયત હોય કે દરદાવો, ચાર્જ બોજો કે લીયનના હકકો નોંધાયેલા હોય તો દિવસ-૭ માં અમારા નીચે જણાવેલ સરનામે આવી પુરાવા સહિત નોંધાવી જવા જો ઉપરોકત મુદતમાં કોઈના કોઈપણ જાતના વાંધા, વિરોધ આવશે નહી તો તેમણે પોતાના તમામ હકક હિસ્સો જતો કર્યા છે તેમ માની સદરહુ મિલકતનો ટાઇટલ ક્લીયરન્સ સર્ટીફિકેટ ઇસ્યુ કરવામાં આવશે અને પાછળથી કોઈના પણ કોઈપણ જાતના વાંધા ધ્યાને લેવામાં આવશે નહી. જેની આથી લાગતા વળગતાએ નોંધલેવી.

ખોવાઈ ગયેલ દસ્તાવેજની વિગત

૧. અસલ વેચાણ દસ્તાવેજ નંબરઃ ૧૩૭૨ તથા તા.૨૮/૦૩/૨૦૦૮ની રજીસ્ટ્રેશનની અસલ પાવતી.
શીડયુલ -મીલકતની વિગતઃ સુરત ડિસ્ટ્રીકટ, પલસાણા સબડિસ્ટ્રીક ના મોજે ચલથાણના બ્લોક નં.-૧૪૫-ડ થી નોંધાયેલી બીનખેતીની જગ્યા કે જેનું ક્ષેત્રફળ સુમારે ૧૬૬૫૧ સ.ચો.મી. વાળી જગ્યા તથા બ્લોક નં.૧૪૬ પૈકીથી નોંધાયેલી બીનખેતીની રહેણાક વાળી જગ્યા કે જેનુ ક્ષેત્રફળ ૧૬૦૦૦ સ.ચો.મી. વાળી જગ્યા મળી કુલ્લે ૩૨૬૫૧ સ.ચો.મી. જગ્યા કે જે "સીલીકોન ટાઉન" ના નામથી ઓળખાય છે તેમાં સુડા દ્વારા મંજુર કરવામાં આવેલા સબ ડીવીઝનલ પ્લોટ નં.૧વાળી ખુલ્લી જગ્યામાં પાડવામાં આવેલ અલગ-અગલ પ્લોટો પૈકી પ્લોટ નં.૬૮-બી વાળી જગ્યા કે જેનું ક્ષેત્રફળ સુમારે ૧૨૩.૪૪ સ.ચો.મી. યાને ૧૪૭.૬૪ સ.ચો.વાર વાળી જગ્યા તથા તેને લાગુ સહિયારા રોડ રસ્તાની રાસુકા વપરાશ તથા માલીકી હક્ક સહિતની જગ્યા તથા તેને લાગતા વળગતા અંદરના તથા બહારના તમામ હકકો સહિતની કુલ્લે દરોબસ્ત.

ઓફીસ નં. 106,107,108 પહેલો માળ જનતા માર્કેટ, કડોદરા, તા.પલસાણા, જી.સુરત. મો. 97238-46043

ડાહ્યાભાઈ પી. પરમાર
તે ખરીદનારના એડવોકેટ

ઓનલાઈન જાહેર નિવીદા - ૮૪ (૨૦૨૬-૨૭)

પ્રોજેક્ટ ઈમ્પ્લીમેન્ટેશન યુનીટ, ગાંધીનગર
(આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ)

અધિક્ષક ઈજનેરશ્રી, પ્રોજેક્ટ ઈમ્પ્લીમેન્ટેશન યુનીટ,ડી-૧ થી ડી-૧૨ સ્ટાફ ક્વાટર્સની પાસે, નવી સીવીલ હોસ્પિટલ કેમ્પસ, મજુરા ગેટ, સુરત-૩૯૫૦૦૧ ફોન નં (૦૨૬૧) ૨૨૩૫૪૨૩ અને ફેક્સ નં - (૦૨૬૧) ૨૨૩૩૬૯૭ ધ્વારા યોગ્ય લાયકાત ધરાવતા ઈજારદારો પાસેથી ૦૧ (એક) થી ૦૫ (પાંચ) જેની અંદાજીત કીંમત રૂા. ૮૩.૨૧ લાખથી ૧૨૨૮.૦૨ લાખની છે. જે કામ ઓનલાઈન ઈ-ટેન્ડરીંગ પધ્ધતીથી ટેન્ડર માંગવામાં આવે છે. પ્રિ- બિડ મીટિંગ તા.૨૧-૦૯-૨૦૨૬ ના ૧૨.૦૦ કલાકે છે. આ કામના ના ટેન્ડરનાં દસ્તાવેજો વેબ સાઈટ www.tender.nprocure.com ઉપર તા. ૨૮-૦૯-૨૦૨૬ ના ૧૮.૦૦ કલાક સુધી જોવા મળી શકશે. વધારાની વિગતો માટે ઉપર જણાવેલ વેબસાઈટ જોવા વિનંતી છે.
નોંધ ૧ - ટેન્ડર ફી, ઈ.એમ.ડી. વિગેરે ઓરીજનલ ડોક્યુમેન્ટ, ઓનલાઈન સ્કેન કરી અપલોડ કરવાના અને ૭ (સાત) દિવસમાં સ્પીડ પોસ્ટ થી મોકલવાના રહેશે.
કમાંક . માહિતી-સૂરત/૫૮૦/૨૦૨૬

જાહેર નિવિદા નં.૦૧ સને ૨૦૨૬-૨૭

નાયબ કાર્યપાલક ઇજનેરશ્રી અંકલેશ્વર (મા.મ.) પેટા-વિભાગ, અંકલેશ્વર દ્વારા અંકલેશ્વર ખાતે આવેલા બીન રહેણાંક મકાનની કામગીરી અન્વયે અનુ. નં.૧ થી ૩ કામનાં ટેન્ડર મંગાવવામાં આવે છે. જેની અંદાજીત કિંમત રૂ. ૦ થી ૩.૦૦ લાખ વચ્ચે છે. કોરા ટેન્ડર આપવાની છેલ્લી તા. ૧૭/૦૯/૨૦૨૬ - સાંજના ૦૬:૦૦ વાગ્યા સુધી અને પરત લેવાની તા.૨૫/૦૯/૨૦૨૬-સાંજના ૦૬:૦૦ વાગ્યા સુધી રહેશે. પ્રસ્તુત કામના ડોક્યુમેન્ટ તથા વિગતવાર નિવિદા કચેરીના નોટીસબોર્ડ પર જોવા મળશે.

માહિતી/ભરૂચ/૨૮૮/૨૦૨૬

-:: જાહેર નોટીસ ::-

આથી જાહેર જનતાને જણાવવાનું કે, જિલ્લો : સુરત, તાલુકોઃ પલસાણા, મોજેઃ બલેશ્વર, સર્વે નં.૨૯, 33, બ્લોક / સર્વે નં. ૩૫, જેનું ગામ નમુના નં. ૭ અને ૧૨ મુજબનુ ક્ષેત્રફળ ૨૧૬૫૧ ચો.મી. છે, જેનો આકાર રૂા.૨૨.૪૪ પૈસા છે, તે વાળી જમીન પૈકી પશ્ચિમ દીશા તરફની ૯૫૧૨ ચો.મી. વણવહેંચાયેલ હિસ્સાની જુની શરતની જમીનના માલીકો **(૧) ઝાહેદાબીબી અબ્દુલહમીદખાં પઠાણ (૨) ઝાહીદખાન અબ્દુલહમીદખાં પઠાણ (૩) તયૈબાબીબી તે અબ્દુલહમીદખાં પઠાણની દીકરી અને ઈઝહારખાનની પત્ની,** તમામ રહેવાસીઃ હવેલી મોહલ્લો ફલીયુ, બલેશ્વર, સુરત-૩૯૪૩૧૭ નાઓના સંયુક્ત નામે ચાલી આવેલ છે. તેમજ સદરહુ જમીન પોતાની સંયુક્ત માલિકી, પ્રત્યક્ષ કબજા, ભોગવટા, વહીવટ હેઠળની તેમજ ક્લીયર માર્કેટેબલ ટાઈટલ્સ તથા કોઈપણ પ્રકારના દાવાઓ તથા બોજાઓ વગરની હોવાનું જણાવી સદરહુ જમીન અમારા અસીલને કિંમતી અવેજ બદલ વેચાણ આપવાનુ નક્કી કરેલ છે અને અમારા અસીલએ સદરહુ જમીન ખરીદ કરવાનુ નક્કી કરેલ છે. આથી સદરહુ જમીન સંદર્ભે કે તેના કોઈ ભાગ સંદર્ભે રાષ્ટ્રીયકૃત બેંક, સહકારી બેંક, કો.ઓ. બેંક કે કોઈપણ વ્યક્તિ યા નાણાકીય સંસ્થાનો કે કોઈનો કોઈપણ પ્રકારનો હક્ક હિત-હિસ્સો, ભરણપોષણનો હક્ક, ગણોત હક્ક, દાવો, અધિકાર, બાનાખત, સાટાખત, વારસાઈ, વિગેરે ચાલી આવેલ હોય તો તે અંગેના આધારભુત દસ્તાવેજો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી લેખિતમાં દિન-૫ ની મુદતમાં અમારા નીચે જણાવેલ સરનામે રૂબરુ કરી ખાત્રી કરાવશો, સબબ ઉપરોકત નિયત સમયમર્યાદામાં કોઈના કોઈપણ પ્રકારના વાંધા / વિરોધ નોંધાવવામાં નહી આવે તો તે અંગે કોઈપણ ઈસમના રાઈટસ, ટાઈટલ, ઈન્ટરેસ્ટ નથી યા હોઈ તો તે વેવ યાને જતા કરેલા હોવાનુ માની અમારા અસીલ સદરહુ જમીનના કાયદેસરના લખાણ યા દસ્તાવેજ ઉપરોકત જમીનના માલિકો પાસેથી કરાવી લેશે અને તે અંગે ભવિષ્યમાં કોઈની કોઈપણ પ્રકારની તકરાર, દાવો, ફરીયાદ ચાલશે નહી, જેની આ જાહેર નોટીસથી સર્વાએ નોંધ લેવી.

સ્થળ : સુરત. તા. ૧૦.૦૯.૨૦૨૬
૧૧૦, પહેલા માળે, લાલભાઈ કોન્ટ્રાકટર બિલ્ડીંગ, નાનપુરા પોસ્ટ ઓફીસ પાસે, નાનપુરા, સુરત.
મો. : ૯૮૨૫૬ ૫૮૮૫૪.
ઈ-મેઈલ : salinamomin27@gmail.com

સલીના મોમીન
એડવોકેટ

-:: જાહેર નોટીસ ::-

મહે.સુરતના ૧૦ માં એડી. ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં
નવી કોર્ટ બિલ્ડીગ, રૂમ નં. ૩૦૮, ત્રીજો માળ, જિલ્લા ન્યાયાલય, અઠવાલાઈન્સ, સુરત
આંક : ૦૪
પરચુરણ દિવાની (વાલી) અરજી નં. ૪૨૭/૨૦૨૬

અરજદાર :-ફેમીદા તે સલીમ ગનીભાઈ મેમણની વિધવા, ઉ.વ. ૪૩, ઘંઘો-ઘરકામ, રહે. ૮૦૩, અમેના ટાવર, માવીયા રેસીડેન્સી પાસે, ન્યુ રાંદેર રોડ, સુરત.

એડવોકેટશ્રી : એન.પી. ચકલાસીયા

વિરૂધ્ધ
સામાવાળા :- કોઈ નહી

આથી લાગતા વળગતા તમામ ઇસમોને આ જાહેર નોટીસ થકી જણાવવાનું કે,

ઉપરોકત અરજદારે તેના સગીર પુત્ર ફરહાન સલીમ મેમણનો ડી. સુરત, તા. સુરત સીટીના બરાનપુરી ભાગળ વિસ્તારમાં આવેલ વોર્ડ નં. 3, સર્વે નં./સિટી સર્વે નોંધ નં. ૩૧૯ થી નોંધાયેલ મીલકત, જેનુ બીલ્ટઅપ એરીયા મુજબ બાંધકામનુ ક્ષેત્રફળ ૭૭.૨૬ ચો. મીટરવાળી મીલકત, જેનો ટેનામેન્ટ નં. 003A-05-0421-0-001 વાળી મીલકત તથા તેના લાગતા વળગતા અંદરના તથા બહારના હરકોઈ હકક હિસ્સા સહીતની કુલ્લે દરોબસ્તવાળી મિલકતમાં હિસ્સો ચાલી આવેલ છે, તે ચાલી આવેલ સગીરનો હિસ્સો વેચાણ કરવાની પરવાનગી મેળવવા માટે અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે.

આ અરજી વિરૂધ્ધ જે કોઈને વાંધો હોય તો તેઓ જાતે અથવા વકીલ મારફતે તા. ૨૩.૧૦.૨૦૨૬ ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે અગર તો સદર તારીખ પહેલા નામદાર કોર્ટમાં હાજર થઇ વાંધા રજુ કરવા. જો તેમ કરવામાં કસુર થશે તો નામદાર કોર્ટ આ અરજી સાંભળી કાયદા મુજબ અરજીનો નિકાલ કરશે, જેની નોંધ લેવી.

આજ તા. ૦૯ માહે સપ્ટેમ્બર સને ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરીને આપ્યો.

તૈયાર કરનાર (એમ.વી.ડેરવાળીયા) આસીસ્ટન્ટ . ડીસ્ટ્રીકટ કોર્ટ, સુરત
મુકાબલ કરનાર (પી.યુ.સીધવ) આસીસ્ટન્ટ ડીસ્ટ્રીકટ કોર્ટ, સુરત
(કોર્ટનો સિકકો)
હુકમથી (એચ.એન.સુરતી) ડે. રજીસ્ટ્રારશ્રી ડીસ્ટ્રીકટ કોર્ટ, સુરત

વડોદરા મહાનગરપાલિકા

www.vmc.gov.in

વડોદરા મહાનગરપાલિકામાં તદ્દન હંગામી ધોરણે ૧૧ માસ માટે કરાર આધારે કામગીરી માટે સેવા અંગેની જાહેરાત

વડોદરા મહાનગરપાલિકામાં નીચે જણાવેલ જગ્યાઓ કરાર આધારિત માસિક ઉચ્ચક પગારથી ૧૧ માસ માટે તદ્દન હંગામી ધોરણે ભરવા માટે નિયત લાયકાત ધરાવતાં ઉમેદવારો પાસેથી ઓનલાઇન અરજીપત્રક મંગાવવામાં આવે છે. ઉમેદવારે વડોદરા મહાનગરપાલિકાની વેબસાઇટ www.vmc.gov.in પર **તા.૧૧-૦૯-૨૦૨૬(૧૩.૦૦કલાક) થી તા.૨૫-૦૯-૨૦૨૬ (૨૩.૫૯ કલાક)** સુધીમાં ઓનલાઇન અરજી કરવાની રહેશે.

ક્રમ	જગ્યાનું નામ	જગ્યાની સંખ્યા	લાયકાત	ઉચ્ચક માસિક વેતન
૦૧	અર્બન પ્લાનર	૦૫	1. Bachelor degree in Architecture/ Civil Engineering/ Urban Planning from UGC recognized university AND Master's degree in City Planning/ Town Planning/ Regional Planning/ Traffic and Transportation Planning/ Urban Planning/ Infrastructure Planning/ Industrial Planning/ Environmental Planning. 2. Experience :- 03 years of experience relevant to the position. 3. Age :- Not more than 45 years.	૬૦,૦૦૦/-
૦૨	આર્કિયોલોજી અને મ્યુઝિયોલોજી ઓફીસર	૦૧	1. Post-graduate degree in Archaeology or Museology 2. Experience :- 10 years experience in heritage documentation, monument conservation, museum management, heritage research, tourism development and government/semi-government heritage projects. 3. Age :- Not more than 45 years.	૫૦,૦૦૦/-
૦૩	ડે. એન્વાયરમેન્ટલ એન્જીનીયર	૦૪	1. Bachelor Degree in the Environmental Engineering 2. Experience :- 02 years experience in different aspects of Environmental Management and Pollution Control 3. Age : Not more than 45 years.	૪૩,૭૫૦/-
૦૪	જી.આઈ.એસ. ઓપરેટર/ Expert	૦૧	1. Bachelor degree in Geography/Geoinformatics/ Urban Planning. 2. Experience :- 01 year of experience relevant to the position. 3. Age :- Not more than 45 years.	૩૫,૦૦૦/-
૦૫	આસીસ્ટન્ટ એન્વાયરમેન્ટલ એન્જીનીયર	૧૯	1. Bachelor Degree in the Environmental Engineering. 2. Age : Not more than 45 years.	૩૧,૨૫૦/-
૦૬	ગાર્ડન સુપરવાઇઝર	૧૯	1. B. Sc. Horticulture 2. Experience :- 02 years experience in the field of Horticulture. 3. Age: Not more than 45 years.	૩૦,૦૦૦/-
૦૭	સીની. લાઇબ્રેરીયન	૦૧	1. Bachelor degree in Library Science Or Library and Information Science 2. Experience:- 02 years experience in a Library under Central/ State Gov./ Autonomous or Statutory organization/ PSU/ University or Recognized Research or Education Institution. 3. Age :- Not more than 45 years.	૨૫,૦૦૦/-
૦૮	જુની. લાઇબ્રેરીયન	૧૯	1. Bachelor degree in Library Science Or Library and Information Science 2. Age :- Not more than 45 years.	૨૦,૦૦૦/-
૦૯	આસી. ગાર્ડન સુપરવાઇઝર	૩૮	1. Diploma in Horticulture 2. Experience :- 02 years experience in the field of Horticulture. 3. Age Not more than 45 years.	૨૦,૦૦૦/-
૧૦	વર્ક આસીસ્ટન્ટ (સિવિલ)	૧૩	1. Diploma in Civil Engineering 2. Age :- Not more than 45 years.	૨૦,૦૦૦/-
૧૧	વર્ક આસીસ્ટન્ટ (મિકેનિકલ)	૩૦	1. Diploma in Mechanical Engineering 2. Age :- Not more than 45 years.	૨૦,૦૦૦/-
૧૨	વર્ક આસીસ્ટન્ટ (ઇલે.)	૨૨	1. Diploma in Electrical Engineering 2. Age :- Not more than 45 years.	૨૦,૦૦૦/-
૧૩	વર્ક આસીસ્ટન્ટ (ઇલે.- મિકે)	૦૩	1. Diploma in Electrical Engineering or Diploma in Mechanical Engineering 2. Age :- Not more than 45 years.	૨૦,૦૦૦/-
૧૪	ડ્રાફ્ટસમેન (ઓટોકેડ)	૦૫	1. 02 years Certificate in civil Draftsman (ITI). 2. Experience :- 01 year of experience in AutoCAD. 3. Age :- Not more than 45 years.	૨૦,૦૦૦/-
૧૫	સર્વેયર	૧૦	1. A certificate of Surveyor course (ITI). 2. Experience :- 02 years of experience relevant to the position. 3. Age :- Not more than 45 years.	૨૦,૦૦૦/-

(૧) ઉમેદવારે માત્ર ઓનલાઇન અરજી કરવાની રહેશે. (૨) આ જગ્યાઓ માટે અન્ય માહિતી તથા પસંદગી પ્રક્રિયાની વિગતો વડોદરા મહાનગરપાલિકાની વેબસાઇટ www.vmc.gov.in પરથી જોયા બાદ જ ઓનલાઇન અરજી કરવાની રહેશે.

નોંધ
1. સદરહું ભરતી તદ્દન હંગામી ધોરણે ૧૧ માસના કરાર આધારિત રહેશે.
2. માસિક ઉચ્ચક વેતન સિવાય અન્ય કોઇ ભથ્થાં મળશે નહીં.
3. આ જાહેરાતમાં વહીવટી કારણોસર ફેરફાર કરવાની કે તે રદ્દ કરવાની આવશ્યકતા ઊભી થાય તો તેમ કરવા માટે મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, વડોદરા મહાનગરપાલિકા, વડોદરા નો નિર્ણય આખરી તથા તમામ ઉમેદવારોને બંધનકર્તા રહેશે.
4. સદરહું જાહેરાત માટે સરકારશ્રીના ધોરણો અનુસાર રોસ્ટરક્રમ જાળવવામાં આવશે.
5. ઉક્ત જગ્યાઓ પૈકી (૧) વર્ક આસીસ્ટન્ટ (સીવીલ), (૨) વર્ક આસીસ્ટન્ટ(મીકે.), (૩) વર્ક આસીસ્ટન્ટ (ઇલે.), (૪) વર્ક આસીસ્ટન્ટ (ઇલે-મીકે), (૫) આસીસ્ટન્ટ એન્વાયરમેન્ટલ એન્જીનીયર તથા (૬) જુની.લાઇબ્રેરીયન ની જગ્યાઓ માટે ઉમેદવારોને પસંદગી પ્રક્રિયા માટે જાહેરાતમાં માંગવામાં આવેલ શૈક્ષણિક લાયકાતમાં ઉમેદવારે ડીપ્લોમા/ડીગ્રીમાં મેળવેલ માર્કસ/પર્સન્ટેજના અગ્રતાક્રમ પ્રમાણે પસંદગીની યાદી તૈયાર કરવામાં આવશે.
6. ઉક્ત જગ્યાઓ પૈકી (૧) ડ્રાફ્ટસમેન (ઓટોકેડ), (૨) સર્વેયર, (૩) સીની.લાઇબ્રેરીયન, (૪) ગાર્ડન સુપરવાઇઝર તથા (૫) આસી. ગાર્ડન સુપરવાઇઝર ની જગ્યાઓ માટે ઉમેદવારોને પસંદગી પ્રક્રિયા માટે જાહેરાતમાં માંગવામાં આવેલ શૈક્ષણિક લાયકાત તથા અનુભવમાં ઉમેદવારોને પસંદગી પ્રક્રિયા માટે જાહેરાતમાં માંગવામાં આવેલ શૈક્ષણિક લાયકાતમાં ઉમેદવારે આઇ.ટી.આઇ./ડીપ્લોમા/ડીગ્રીમાં મેળવેલ માર્કસ/પર્સન્ટેજના અગ્રતાક્રમ પ્રમાણે પસંદગીની યાદી તૈયાર કરવામાં આવશે.
7. ઉક્ત જગ્યાઓ પૈકી (૧) અર્બન પ્લાનર, (૨) આર્કિયોલોજી અને મ્યુઝિયોલોજી ઓફીસર, (૩) જી.આઈ.એસ. ઓપરેટર/Expert તથા (૪) ડે. એન્વાયરમેન્ટલ એન્જીનીયર ની જગ્યાઓ માટે ઉમેદવારોને પસંદગી પ્રક્રિયા માટે જાહેરાતમાં માંગવામાં આવેલ શૈક્ષણિક લાયકાત તથા અનુભવમાં ઉમેદવારોને પસંદગી પ્રક્રિયા માટે જાહેરાતમાં માંગવામાં આવેલ શૈક્ષણિક લાયકાતમાં ઉમેદવારે ક્રમાંકઃ ૧ તથા ૨ માં માસ્ટર ડીગ્રી તથા ક્રમાંકઃ ૩ તથા ૪ માં બેચલર ડીગ્રી માં મેળવેલ માર્કસ/પર્સન્ટેજના અગ્રતાક્રમ પ્રમાણે પસંદગી પ્રક્રિયા કરવા માટે ૦૬ ગણા ઉમેદવારોના મૌખિક ઇન્ટરવ્યુ કરી પસંદગી યાદી તૈયાર કરવામાં આવશે.

પી.આર.ઓ.નં. ૩૯૨/૨૬-૨૭ **ડે. મ્યુનિસિપલ કમિશ્નર(વ)**

શ્રી દયાળજી અનાવિલ કેળવણી મંડળ (રજી.ટ્રસ્ટ નં.એ ૧૩૫)
શ્રી દયાળજી દેસાઈ ચોક, જે પી રોડ, સુરત ૩૯૫૦૦૧

શ્રી દયાળજી અનાવિલ કેળવણી મંડળ, ટ્રસ્ટની વાર્ષિક સાધારણ સભા તા. ૨૭-૦૯-૨૦૨૬ ના રોજ રવિવારે બપોરે 3:00 કલાકે શ્રી દયાળજી અનાવિલ કેળવણી મંડળ, શ્રી દયાળજી દેસાઈ ચોક, જે.પી. રોડ, મજુરા ગેટ, સુરત ખાતે રાખવામાં આવેલ છે.

કાર્યસુચી

૧. તા.૦૭-૧૦-૨૦૨૫ ની વાર્ષિક સામાન્ય સભાની કાર્યવાહી વાંચનમાં લઈ બહાલ રાખવા બાબત.
૨. વર્ષ ૨૦૨૫-૨૬ ના વર્ષના ઓડિટ થયેલ હિસાબો અને અહેવાલ મંજૂર કરવા બાબત
૩.વર્ષ ૨૦૨૬-૨૭ના વર્ષ માટે ઓડિટર ની નિમણૂક કરવા બાબત.
૪. પ્રમુખશ્રી ની મંજુરીથી રજુ થાય તે કામો.

તા.૧૧.૦૯.૨૦૨૬
સ્થળ:- સુરત

મંત્રી
ધર્મેશ કે. દેસાઈ
શ્રી દયાળજી અનાવિલ કેળવણી મંડળ સુરત

જાહેર સમન્સ

ગુજરાત રીયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટી, ગાંધીનગર
સરનામુંઃ યોથો માળ, સહયોગ સંકુલ, સેકટર-૧૧, ગાંધીનગર - ૩૮૨૦૧૦.

ફરિયાદીઃ- પદ્માવતી ઓરોસીએટ્સ, ૩૦૬-૩૦૯, માઈલસ્ટોન એટલાંટીસ, સોમેશ્વર જંકશન વેસુની પાસે, સુરત, પિન કોડ - ૩૯૫૦૦૭.

વિરૂધ્ધ
સામાવાળા નં.:- (૦૪) ધી માઈલસ્ટોન કોપરેટીવ કોમર્શિયલ સર્વિસ સોસાયટી લી. એકોપોલીસ, સેન્ટરકોર્ટ રેસ્ટોરંટની બાજુમાં, પાર્લે પોઈંટ, સુરત, પિન કોડ - ૩૯૫૦૦૭.

પ્રોજેક્ટઃ "એકોપોલીસ"

ફરીયાદીએ રેરા ઓથોરીટી સમક્ષ ઉપરોકત જણાવેલ નંબરથી ફરીયાદ દાખલ કરેલ છે. આથી તમો સામાવાળાનો યોક્કસ સરનામાનો પત્તો લાગતો નહી હોવાથી, આ જાહેર સમન્સ છપાયેલ છે.

આથી તમો સામાવાળાનાઓને આ સમન્સ થી જણાવવામાં આવે છે કે આગામી તા. ૧૮/૦૯/૨૦૨૬ ના રોજ બપોરે ૦૩.૦૦ કલાકે ફરીયાદીની ફરીયાદનો લેખીત બચાવ તથા સંલગ્ન તમામ દસ્તાવેજી પુરાવા સાથે જાતે અથવા વકીલ મારફતે આ ઓથોરીટી સમક્ષ તમારા બચાવ સારૂં જે ડોક્યુમેન્ટ ઉપર આધાર રાખતા હોય તે સઘળા દસ્તાવેજો સાથે ઉપર જણાવેલ ઓથોરીટીનાં સરનામે હાજર રહેવું. જો તમે હાજર થવામા કસુર કરશો તો તે કિસ્સામાં આપ કોઈ પણ બચાવ લેવા માગતા નથી તેમ ગણીને ઓથોરીટી દ્વારા ફરીયાદની સુનાવણી કરી એકતરફી નિકાલ કરવામાં આવશે.

આજ તારીખ ૦૨, માહે સપ્ટેમ્બર, સને ૨૦૨૬ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

(નિશાંત પારેખ) તૈયાર કરનાર
(એચ.સી.મકવાણા) મુકાબલ કરનાર
(જી.ડી.પ્રજાપતિ) સેક્રેટરી

વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી લાગતા-વળગતા તમામને જાહેર નોટીસ આપી જણાવવાનું કે ડીસ્ટ્રીકટ **સુરત** સબ-ડીસ્ટ્રીકટ તાલુકે **કામરેજ**માં મોજે ગામ **આસ્તા**માં **(૧) રે.સ.નં.૧૯૩/૧** તથા **૧૯૩/૨**, કે જેનો **રીસર્વે બાદ નવો બ્લોક નં.૨૦૬** (કે જેનો રીસર્વે પહેલાનો બ્લોક નં.૨૩૮) થી નોંધાયેલ કુલ સુમારે ક્ષેત્રફળ **હે.આરે ૦-૨૫-૧૭ ચો.મી.** વાળી ખેતીની જમીન તથા **(૨) રે.સ.નં.૧૯૨, ૧૯૪, ૧૯૫** તથા **૧૯૬ પૈકી**, કે જેનો **રીસર્વે બાદ નવો બ્લોક નં.૨૭૪/૧** (કે જેનો રીસર્વે પહેલાનો બ્લોક નં.૨૩૪) થી નોંધાયેલ કુલ સુમારે ક્ષેત્રફળ **હે.આરે ૦-૦૫-૨૦ ચો.મી.** વાળી ખેતીની જમીન, સદરહુ બંને જમીનનનું મળી કુલ સુમારે ક્ષેત્રફળ **હે.આરે ૦-૩૦-૩૭ ચો.મી.** વાળી જુની શરતીની ખેડપાતની ખેતીની જમીન, કે જેનો **ખાતા નં.૪૨૩** થી નોંધાયેલ જુની શરતની ખેતીની જમીન માલીકો તરીકે **રાકેશભાઈ રણછોડભાઈ પટેલ** તથા **પંકજભાઈ રણછોડભાઈ પટેલ**ની સંયુક્ત માલીકી અને પ્રત્યેક કબજા ભોગવટામાં ચાલી આવેલ હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ કરવા માંગે છે. મજકુર જમીનમાં અગર તેના કોઈ ભાગ અંગે ઉપરોકત જણાવેલ જમીન માલીકો સિવાય અન્ય કોઈના કોઈપણ અધિકાર, ટાઈટલ, હિત, હિસ્સો, ગીરોનો કોઈ સીધી કે આડકતરો બોજોનો હકક, દાવો, વેચાણ, ભેટ, ટ્રાન્સફર ડીડ, વારસો, ટેનન્સી, સમજુતી, મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેંડિંગ, કોઈ બેંક, સંસ્થા, ટ્રસ્ટ, મંડળી કે ખાનગી-સરકારી સંસ્થાનો બોજો, ચાર્જ, લીયન, સિકયુરિટી, ઈઝમેન્ટ, પાવર ઓફ એટર્ની, આવવા-જવાના રસ્તાના હકક, ઈઝમેન્ટ, એકવીઝીશન નથી કે અન્ય કોઈપણ પ્રકારનાં સાટાખત, બાનાખત, સૌદાચિઠ્ઠી કે તબદીલીને લગતા કોઈ લખાણો અન્ય કોઈ ત્રાહીત વ્યકિતને કરી આપેલ નથી કે કોઈ કૌટુંબીક કે ભાગીદારો/સહમાલીકો/વારસોની તર-તકરાર નથી તેમ જણાવી મજકુર માલીકે સદરહુ જમીન અમારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે. તેવું કંઈપણ રહેલું હોય તો તે સંદર્ભમાં પોતાના લેખિત વાંધાની અમોને આ નોટીસ પ્રસિધ્ધ થયેથી **દિન-૭** માં તેના દસ્તાવેજી પુરાવા સહિત નીચેના સરનામે લેખિત જાણ કરી તેની ખાત્રી આપવી. જો તેમ નહિ કરવામાં આવે તો અમારા અસીલ ઉપરોકત જણાવેલ માલીકને વેચાણ અવેજની રકમ ચુકવીને તેમની સાથે વેચાણના વ્યવહારો પુરો કરશે અને ત્યારબાદ આ અંગે કોઈની કોઈ પણ પ્રકારની તકરાર કે હકક દાવો ચાલશે નહિ તે તમામ હકકો છોડી દીધેલા ગણી યાને કોઈનો કોઈપણ જાતનો હકક-હિસ્સો નથી યાને જતો કરેલ છે, તેમ સમજી હમારા અસીલ સદરહુ જમીનનો પાકો રજી.વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. જેની લાગ